શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૯
અંક : ૧૨

## ક્ષમતાવર્ધન/કલસ્ટર ઈવેન્ટ

ભાચા, ગાંગડા, નાથેજ, ખિલાવડ, ઝુડવડલી, આમોદ્રા, સાળવા, સોનારીયા, કંટાળા અને નીતલી મુકામે (આઈએનજીજે ૨૭ પ્રોજેકટ) ક્ષમતાવર્ધન સાથે કલસ્ટર ઈવેન્ટ યોજાઈ જેમાં ૧૨૦૦ ખેડૂતોએ ભાગ લીધો.

એકત્ર થયેલ ખેડૂતોને ખેતીલક્ષી માહિતીનુ સંસ્થાના કાર્યકરો અને અનુભવી ખેડૂતો દ્વારા આદાન પ્રદાન થયુ. આ ઈવેન્ટમાં ખેડૂતોનો ખેતીમાં થતા બિન જરૂરી ખર્ચ ઘટાડવા તેમજ ઉતમ ખેતીના  ઉદેશ્યો, સિદ્ધાંતો અને તેના માપદંડોની જાણકારીને અનુસરવાની બાબતોને અન્ય ખેડૂતોના અનુભવના આધારે સમજવામાં આવી. ઉપરાંત ખેડૂતોના બનેલા સંગઠનો દ્વારા કાર્યરત ૧૦ જેટલા કૃષિ સંસાધન કેન્દ્રોએ ખેડૂતોને જરૂરી હોય તેવા દવા, બિયારણ, ખાતર જેવા ખેતી ઈનપુટ વ્યાજબી ભાવે મળે તેવી સેવાઓ, ઉત્પાદિત ખેત જણસોના બજાર તથા ખેતીને લગતી તમામ માહિતીઓ પત્રિકા, પુસ્તક કે એમકૃષિ જેવી મોબાઈલ એપ્લીશન થકી મળી રહે છે તેવી સેવાઓ શરુ કરી છે તેની જાણકારી આપવામાં આવી. પર્યાવરણની સલામતી અને જાળવણી માટે જંતુનાશકો, રાસાયણિક ખાતરોનો જરૂર પુરતો ઉપયોગ, દવાના છંટકાવ દરમ્યાન રાખવાની કાળજી, મિત્ર જંતુની જાળવણી કરવી, નૈસર્ગીક દવાઓનો ઉપયોગ, સજીવ ખેતી પદ્ધતિ જેવી બાબતોમાં પ્રતિભાગીઓનુ ક્ષમતાવર્ધન થયુ.

પાણીના કાર્યક્ષમ ઉપયોગ માટે એક પાટલે પિયત, ટપક સિંચાઈ, ફુવારાના લાભોથી અવગત થયા. જે ખેડૂતો પાણીનો વ્યય અટકાવવા માટે ખેત તલાવડી, કુવા રીચાર્જ, ચેક ડેમ, તળાવ ઊંડા ઉતારવા, પશુપાલન માટે કેટલફીડ મેનેજમેંટ અને એમકૃષિમાં વિગેરે કાર્યમાં આ પ્રોજેકટના માર્ગદર્શનથી જોડાયા તેઓને આધુનિક પ્રયોગો માટે સન્માનિત કર્યા.

સામુહિક કાર્ય માટે લોકો પોતે પણ પોતાનો ફાળો આપે તે માટે સન્માનિત ખેડૂતોએ ઉપસ્થિત ભાગ લેનાર તમામ ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા અને જોડાયેલા ખેડૂતોએ પોતાના અનુભવ અને પ્રતિભાવો આપ્યા હતા. પુરી પ્રોજેકટ ટીમએ આ કામગીરીને એક ઝુંબેશ તરીકે હાથ ધરી હતી.

***– કૌશિક પંડયા અને કિશન વાળા***

**માનવીની ઈચ્છા જ એની અપૂર્ણતા પ્રગટ કરે છે.**

## ટકાઉ ખેતી

દોસ્તો, મગફળી અને કપાસના પાક લગભગ પુરા થયા. હવે પછીના સમયમાં શિયાળુ અને ઉનાળુ પાક સિવાય કામગીરી જોઈએ તો ટપક, ફુવારા પિયત પદ્ધતિઓ વસાવવી અને જમીનની ચકાસણી કરાવવી.

મિત્રો, જમીન ચકાસણી ખેતર ખાલી થયા પછી જમીનમાંથી ભેજ સુકાયા બાદ જમીનનો નમૂનો લેવો જોઈએ. કાળજીથી જમીનનો નમૂનો લેવામાં આવે તો રીપોર્ટ યોગ્ય આવે અને તે મુજબ જમીનની માવજત કરવામાં આવે તો જ પાક ઉત્પાદનની યોગ્ય વળતર મેળવી શકાય. નમૂનો લેતી વખતે નીચેની બાબતોને ચીવટ પૂર્વક પાલન કરવું જોઈએ.

(૧) જમીન ભેજ વગરની હોવી જોઈએ, (૨) નમૂનો લેવા માટે ધારદાર કોદાળીનો ઉપયોગ કરી શકાય, (૩) એક વીઘામાંથી ઓછામાં ઓછી બે થી ત્રણ જગ્યા પરથી નમૂનો લેવો જોઈએ, (૪) શેઢા પાળાથી ૧૫ ફૂટ ખેતરની અંદરની બાજુથી નમૂનો લેવો, (૫) ગયા વર્ષના પાળા કે નીક બનાવેલ હોય ત્યાંથી, ખેતર વચ્ચે કોઈ મોટું ઝાડ હોય ત્યાંથી તેમજ દર વર્ષે એક જ જગ્યા પરથી નમૂનો લેવો નહિ, (૬) જમીનમાં દેશી ખાતર નાખ્યા પહેલા નમૂનો લેવો હિતાવક છે, (૭) એક જ ખેતરમાં જો જમીનનું પ્રત બદલી જતું હોય તો નમૂના અલગ અલગ લેવા, (૮) નમૂનો લીધા બાદ મિક્ષ કરી ૫૦૦ ગ્રામ માટીને અલગ પાડવી, (૯) આ માટીને એક યોગ્ય પ્લાસ્ટીક બેગમાં પેક કરી નમૂના સાથે ખેડૂતનું પૂરું નામ, ગામ, મોબાઈલ નંબર, સર્વે નંબર, ખેતરનું નામ, ગયા વર્ષે પાકનું વાવેતર, હવે કયાં પાકનું વાવેતર કરવાનું છે, પિયત, બિન પિયત વગેરેની માહિતીનો કાગળ જોડવો.

પરીક્ષણ માટે કોઈ સંસ્થાના કાર્યકરની મદદ લઈ શકો છો. તે ઉપરાંત બાજવા (ફર્ટીલાઈઝરનગર, વડોદરા– ૩૯૧૭૫૦) પણ મોકલી શકાય છે. આ ઉપરાંત તાલુકા લેવલના જીએસએફસીના ખાતર ડેપોની મુલાકાત કરી શકો છો. જેમનો ભાવ મુખ્ય તત્વોનો ખર્ચ ૬૦ રૂપિયા અને સુક્ષ્મ તત્વોનો ૧૦૦ રૂપિયા છે. આ ઉપરાંત નજીકના કેવીકે પર પણ જમીન ચકાસણી કરી શકાય.

ખેતી ખર્ચમાં નિયંત્રણ કરવું હોય તો જમીન ચકાસણીના રીપોર્ટના આધાર પર ખાતરનો ઉપયોગ કરવો ખુબજ જરૂરી છે. સાથે ખેતી ઉત્પાદનની ગુણવતા, ખર્ચમાં ઘટાડો અને ઉત્પાદનમાં ઉત્પાદન વધારો કરવો. તેમજ રાસાયણિક ખાતરના વધારે વપરાશથી જમીનની ગુણવતા પર ખરાબ અસર થાય છે. માટે યોગ્ય ચકાસણી કરાવવી ખુબ જરૂરી છે.

*ડી.એન.ઝાલા – ૯૮૨૫૪ ૨૨૪૪*

**આત્માના અવાજ પ્રમાણે જીવન જીવવાથી જ કીર્તિ પ્રાપ્ત થાય છે.**

## ચણાના પાકમાં રોગ અને જીવાત નિયંત્રણ

૧. સુકારો (વીલ્ટ): બીજ અને જમીન બન્ને મારફત ફેલાતા આ રોગ પાકની કોઈ પણ અવસ્થા દરમ્યાન જોવા મળે છે. પાકની શરૂઆતમાં કે પાછલી અવસ્થાએ છોડ ઉભા સુકાય છે. થડ ચીરતા ઉભી કાળી કથ્થાઈ લીટીઓ જોવા મળે છે. રોગ આવતો અટકાવવા માટે રોગ સામે પ્રતિકાર ધરાવતી જાતનું રોગમુકત બિયારણ વાવવું. વાવતા પહેલા બીજને ફૂગનાશક દવાનો પટ આપવો. ચણા પછી બાજરી કે જુવારની પાક ફેરબદલી અને દિવેલાનો ખોળ હેકટરે એક ટન આપવાથી આ રોગની તીવ્રતા ઘટે છે. જમીનમાં રહેલી ફૂગનો નાશ ન થાય ત્યાં સુધી આ રોગ નાબુદ કરવો મુશ્કેલ હોવાથી એક ને એક પડામાં દર વર્ષે ચણા ન લેતાં ફેરબદલી કરવી હિતાવહ છે.

૨. સ્ટન્ટ વાયરસ : આ રોગ વાયરસથી થાય છે. જેનો ફેલાવો એફીડ એટલે કે મશી નામની જીવાતથી થાય છે. ગુજરાતમાં આ રોગનુ પ્રમાણ વધતું જાય છે. ઠંડી ઓછી પડે તો આ રોગ જોર પકડે છે. પાન તાંબાવરણા અને જાડાં થાય છે. ડાળીઓ અને છોડ ટૂંકા થઈ જાય છે. ફાલ બેસતો નથી કે ઓછો બેસે છે. છોડ નબળો પડવાથી સુકારાનો ભોગ બની જાય છે. તેનો ફેલાવો કરતા વાહક મોલોમશીના નિયંત્રણ માટે શોષક પ્રકારની દવા ફોસ્ફામીડોન ૮ મીલી ૧૦ લીટર પાણીમાં અથવા ડાયમીથોએટ ૧૦ મીલી ૧૦ લી. પાણીમાં મેળવી છંટકાવ કરવો.

૩. ચણાની જીવાતો : ચણામાં મુખ્યત્વે લીલી ઈયળનો ઉપદ્રવ વધુ જોવા મળે છે. જે પાન, કૂણી કૂંપળો અને પોપટા કોરી ખાય છે. એના નિયંત્રણ માટે સંકલિત જીવાત નિયંત્રણ અપનાવવું. જેમાં ઉનાળામાં ઉંડી ખેડ કરવી. ફેરોમોન ટ્રેપ મુકવા (વીઘે–૧), પક્ષીઓને બેસવાનાં આધાર મુકવા. રાસાયણિક નિયંત્રણમાં પ્રોફેનોફોસ ૨૦ મી.લી. અથવા મોનોક્રોટોફોસ ૧૨ મી.લી. અથવા ફેનવાલેરેટ ૧૦ મી.લી. અથવા આલ્ફામેથ્રીન ૫ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી ફૂલ બેસે ત્યારે અને પછી ૧૫ દિવસ બાદ ફરીથી છંટકાવ કરવો.

૪. સંકલિત જીવાત નિયંત્રણ : દક્ષિણ સૌરાષ્ટ્રના ખેત આબોહવાકીય વિસ્તારના ખેડુતોને ચણાના પાકમાં લીલી ઈયળના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે પ્રોફેનોફોસ ૭૫૦ ગ્રામ સક્રિય તત્વ (૧.૫ લિ./હે.) નાં ત્રણ છંટકાવ અથવા વારાફરતી લીંબોળીના મીંજના પાવડરનો ૫ ટકા અર્ક, બીટી ૧.૦૦૦ કિ.ગ્રા./હે. અને પ્રોફેનોફોસ ૭૫૦ ગ્રામ સક્રિય તત્વ (૧.૫ લિ./હે.) ના છંટકાવ પાકની ૫૦ ટકા ફુલ અવસ્થાએ શરૂ કરી ૧૦ દિવસના અંતરે છાંટવાની ભલામણ કરવામાં આવે છે.

**– સંકલન : નરેન્દ્રભાઈ પોંકીયા**

**જયાં સંઘર્ષ નથી ત્યાં કોઈ પ્રગતિ થતી નથી.**

## રાષ્ટ્રીય કન્વેન્શન

માનવ અધિકાર માર્ગદર્શક સિધ્ધાંતો પર તા. ૧૧ ડીસેમ્બર ૨૦૧૭ ના રોજ વિશ્વ યુવક કેન્દ્ર દિલ્હી ખાતે એક રાષ્ટ્રીય કન્વેન્શન યોજાયો જેમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના પ્રતિનિધિ તરીકે મેં ભાગ લીધો હતો.

આ કન્વેન્શનમાં જાહેર અને ખાનગી શિક્ષણ સંબંધિત મુદાઓ તથા માનવ અધિકાર સિધ્ધાંતોના માળખાને કેન્દ્રમાં રાખી વધુ મુલ્યાંકન પર ચર્ચા કરવામાં આવી હતી.

શિક્ષણના અધિકારનો કાયદા (૨૦૦૯) ના ઉલ્લંઘન અને સફળતાઓમાં સામુદાયિક ભાગીદારી, શાસનની ભૂમિકા અને જવાબદેહિતાની સાથે ટકાઉ વિકાસ લક્ષાંકો (૨૦૧૬ થી ૨૦૩૦) પૈકી ૪ નંબર લક્ષ પર ચર્ચા આ કન્વેન્શનની મુખ્ય બાબત રહી હતી.

યુનેસ્કો, કેર ઈન્ડીયા, જેએનયુ, એનયુઈપીએ, સેન્ટર ફોર પોલીસી રીચર્સ, સાઉથ એશીયન યુનિવર્સિટી, દિલ્હી યુનિવર્સિટી, સેન્ટર ફોર ઈકવીટી એન્ડ ઈન્કલુઝન, શિક્ષક સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ ઉપસ્થિત રહી પોતાના વિચારો રજુ કર્યા હતા.

નેશનલ કોલીશન ફોર એજયુકેશન દ્વારા આ કન્વેન્શનનું આયોજન થયું હતું. શ્રી રમાકાંત રાય એ ભવિષ્યના ઈન્ટરવેન્શન માટે રણનીતી વિકસાવવા વણાવ્યું હતું.

—પ્રિયા કાછડીયા

## પ્રી–બજેટ કન્સલ્ટટેશન સેમીનાર

તારીખ ૨૨.૧૨.૨૦૧૭ ના રોજ પાથેય ટ્રસ્ટ દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન અમદાવાદ ખાતે પ્રી–બજેટ કન્સલ્ટટેશન (બાળકો માટેના બજેટ અંતર્ગત) યોજાઈ હતી. જેમાં બજેટના જાણકારો તેમજ બાળકોના અધિકારો પર કામ કરનારી સંસ્થાઓમાંથી નિષ્ણાંતો હાજર રહ્યા હતા. આ પ્રોગ્રામમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલીના પ્રતિનિધિ તરીકે મેં ભાગ લીધો હતો.

રાજય સરકાર જે દર વર્ષે બજેટ બહાર પાડતી હોઈ જેમાં અલગ અલગ વિભાગમાં તેનું વિભાજન કરવામાં આવતું હોઈ જેમાં ખાસ કરીને કુલ બજેટમાંથી બાળકો અને તેના અધિકાર માટે કેટલું ફાળવવામાં આવ્યું, તેના પુરતા કે અપુરતા ઉપયોગ, તેમજ તેમાં કઈ ફેરફારની જરૂર બાબતે મુખ્ય ચર્ચાઓ હાથ ધરાઈ હતી.

મહેન્દ્રભાઈ જેઠમલાણીએ આ પ્રોગ્રામની પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી. તેમાં જણાવ્યું હતું કે ગુજરાતની કુલ વસ્તીના ૩૬% વસ્તી ૧૮ વર્ષથી નીચેના છે. જેમાં તેના અધિકારો માટે અને બાળકોના વિકાસ માટે બજેટ ફાળવવામાં આવે છે તો આ બાબતે બજેટ પુરતું છે કે કેમ તે ચર્ચાનો વિષય બની રહે છે.

સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ નક્કી કરવામાં આવ્યા છે. ૨૦૩૦ સુધીમાં

**છોડવા જેવું કઈ હોય તો, બીજાને નીચા દેખાડવાનું છોડી દો.**

દરેક બાળક પ્રાથમિક શિક્ષણ થી કોલેજ સુધી શિક્ષણ પૂરું કરશે તેવો એક ગોલ છે. પરંતુ આ બાબતે જણાવતા કહ્યું હતું કે ભારતમાં બાળકોની સ્થિતિ બહુ જ ગંભીર છે અને એ બાબત આવનારા સમય માટે ચિંતા વ્યકત કરે તેવું છે. બાળકો એ દેશનું આજ અને ભવિષ્ય છે માટે તેને યોગ્ય આરોગ્ય મળે, તેમજ બાળક ગર્ભમાં હોઈ ત્યારે તેની માતા અને બાળકને યોગ્ય બજેટ બને તેનો ઉપયોગ થાય તેમજ તેના પરિણામો મળે તેવી બજેટમાં જોગવાઈ હોવી જોઈએ તેમ પ્રો. રોહિતભાઈએ જણાવ્યુ હતું.

એક બાજુ બજેટ ઓછું ફાળવાય છે અને તેમાંથી પણ તે બજેટનો યોગ્ય ઉપયોગ થતો નથી. અને કુપોષણ માટે ખોરાક વ્યવસ્થા હોવી જોઈએ. બધા રાજયોની પોલીસી સરખી હોઈ છે છતાં ગુજરાત ઘણું પાછળ છે.

પ્રો.હેમત શાહ દ્વારા જણાવ્યું હતું કે અત્યારે પ્રાથમિક શાળાઓમાં ખાનગીકરણ વધી રહ્યું છે. તેમજ પ્રાથમિક શાળાની અંદર કેટલું બજેટ ફાળવવામાં આવે છે અને તેના પરિણામો કેટલા આવ્યા તેની સરકાર નોંધ લેતી નથી માટે તે સૌથી મોટો ગેપ છે.

ઘણીવાર એવું બનતું હોઈ છે કે કાયદાઓ બનતા હોઈ છે પણ તેનું યોગ્ય પાલન થતું હોતું નથી. બધું હોવા છતાં યોગ્ય દિશામાં નથી હોતા જે મહત્વનો ગેપ છે. આ ઉપરાંત દિવસે દિવસે સરકારી શાળા બંધ થતી જણાય છે કારણ કે તેમાં ગુણવતાવાળું શિક્ષણ મળતું નથી. જેથી બાળકો સરકારી શાળા સુધી જાય તેવું બજેટમાં ફાળવવાની હોવી જોઈએ તેવું જણાવ્યું હતું.

આ ઉપરાંત એસએમસી કમિટીઓ બરાબર બનતી નથી અને કાર્યરત પણ નથી જેથી તેનો મોટો ફટકો પડે છે. ગુજરાતમાં બધા બાળકો ભણી શકે તેટલી સ્કુલો પણ નથી જે બજેટમાં જોવા જેવો મુદો છે. આયાતી શિક્ષકોનું પ્રમાણ વધુ છે તેમજ પાણી, ટોઈલેટ જેવી પ્રાથમિક સુવિધા મળતી નથી જે પણ એક ગેપ છે. તેમજ આરટીઈના કાયદાનો યોગ્ય ઉપયોગ થતો નથી. તે ઉપરાંત જે શાળા વિકાસ આયોજન ગામના લોકોએ બનાવવાનો હોઈ તે બીઆરસી ભવનવાળા બનાવી મોકલે છે. ગામના બાળકો પોતાનું ગામનું બજેટ પોતે બનાવી શકે તેવું સરકારે આયોજન કરવું જોઈએ. આ ઉપરાંત બાળકોના અકસ્માત માટે પણ અલગ બજેટ ફાળવવામાં આવવું જોઈએ. તેમજ બાળકોને મધ્યાહન ભોજનમાં તેને ભોજન મળે છે પરંતુ વેકેશનમાં તેનું શું તો તેના માટે પણ સરકારે વ્યવસ્થા કરવી જોઈએ તેવું જણાવ્યું હતું. કુદરતી આપતી આવે તો તે માટે બજેટની વધારે ફાળવણી હોવી જોઈએ. આ ઉપરાંત કુદરતી આપતીમાં ભોગ બનેલા બાળકો માટે પણ અલગથી વ્યવસ્થા હોવી જોઈએ તે પણ મહત્વનો ગેપ છે.

***– ભરતભાઈ ભીમાભાઈ શીંગડ***

***તમારી વાણીએ તમારા વિચારોનો પડઘો છે.***

## ગુલાબી ઈયળ : કપાસમાં છેલ્લી અવસ્થાએ ધ્યાનમાં રાખવાની બાબતો

૧. કપાસની છેલ્લી વીણી કરી લીધા પછી ઈયળ નાશક દવાના છંટકાવથી આગામી ઋતુમાં તેનો ઉપદ્રવ આગળ વધતો અટકાવી શકાય.

૨. ખેતરમાં ઉભેલી કપાસની સાંઠી કાઢવા સમયે ઘેટાં બકરા ચરાવવાથી જમીનની અંદર દટાઈ ગયેલ ગુલાબી ઈયળના કોશેટા સહિત રૂ તથા કપાસીયા ખેતરમાથી શોધી અને ખાઈ જશે.

૩.ખેતરમાં ઉભેલી કપાસની સાંઠી તેમા રહેલા ઉઘડયા વગરના ગુલાબી ઈયળથી નુકશાન પામેલ જીંડવા સાથે ઉપાડી લઈ, તેનો ભુકો કરી તેનુ સેન્દ્રીય ખાતર બનાવવામાં ઉપયોગ કરવો.જેમાં ઉઘડયા વગરના જીંડવામાં ગુલાબી ઈયળના અવશેષો રહેલ હોય છે. જે આવતા ચોમાસામાં ગુલાબી ઈયળને કપાસમાં ફરીથી જીવનચક્ર શરૂ કરવામાં મદદરૂપ થશે.

૪. ઘણાં ખેડૂત ભાઈઓ કપાસનો બડઘા પાકથી વધારાનો ફાલ લેતા હોવાથી ગુલાબી ઈયળને તેનું જીવનચક્ર ચાલુ રાખવામાં મદદ મળી રહે છે. તો આ પધ્ધતિ બંધ કરી હાલના તબકકે કપાસના છોડ, સાંઠી જો ખેતરમાં ઉભા હોય તો તેને ઉપાડી તેનો નાશ કરવો.

૫.ઉતારી લીધેલ કપાસને ખેડૂત ભાઈઓએ વેચાણ માટે સાચવી હશે તો ગુલાબી ઈયળો સતત કપાસીયાના મીંજ ખાઈ નુકશાન કરતી હોવાથી કપાસના વજનમાં ઘટાડો થાય છે. જો આગામી ચોમાસા સુધી કપાસને સંગ્રહી રાખવામાં આવે તો ગુલાબી ઈયળના ફુદા કપાસમાં ઈંડા મુકી તેનું જીવનચક્ર ફરીથી શરૂ કરશે. તેથી દરેક ખેડૂતોએ કપાસનો સંગ્રહ ન કરતા તેનો વેંચાણ દ્વારા નિકાલ કરવો

૭. ગુલાબી ઈયળથી ઉપદ્રવીત કપાસ અંતે જીનીંગ મીલમાં પહોંચતો જ હોય છે એટલે જીનીંગની પ્રક્રિયા દરમ્યાન ગુલાબી ઈયળ સાથેના કપાસીયા, કીટી, વધારાનું કસ્તર કે કચરો કે જેમા ગુલાબી ઈયળો ખૂબ જ મોટા પ્રમાણમાં હોય છે જેને એકઠી કરવામાં ખાસ તકેદારી રાખી તેનો બાળીને નાશ કરવામાં આવે, તો તેનુ જીવનચક્ર અટકાવી શકાય. જેને લીધે આગામી ઋતુમાં તેનો ઉપદ્રવ આગળ વધતો અટકાવી શકાય.

૮. જીનીંગમીલોની સ્વચ્છતા જાળવવી તથા મીલની આજુબાજુ ફેરોમોન ટ્રેપ ગોઠવી તેમા એકઠા થયેલ નર ફુદાનો નાશ કરવો.

ખેડૂત ભાઈઓ તથા જીનીંગમીલના ભાઈઓ જો ઉપરોકત જણાવેલ મુદાઓ પ્રમાણે સહકાર આપી કામગીરી બજાવશે અને યુધ્ધના ધોરણે તેને પાર પાડશે તો મને ખાત્રી છે કે આગામી ઋતુમાં કપાસને ગુલાબી ઈયળના ઉપદ્રવથી ચોકકસ બચાવી શકીશું. હાલ કપાસમાં આ સૌથી મોટી સમસ્યા છે તેનો ઉપાય યોજીએ.

**– નરેન્દ્રભાઈ પોંકીયા**

**યશ ત્યાગથી પ્રાપ્ત થાય છે, દગાથી નહિ.**

## મગફળીની ખરીદી

ખરીફ પાકોમાં કપાસ, કઠોળ તથા મગફળીના બજાર ભાવો આ વર્ષે પણ પોષણક્ષમ ન હોવાથી સરકારશ્રી દ્વારા મગફળીના ટેકાના ભાવો જાહેર થતાં લાભપાંચમથી રાજયભરમાં જુદા જુદા ખરીદી કેન્દ્રો પરથી ખરીદી શરૂ કરવાનું આયોજન હતુ. જમાં અમુક કેન્દ્રો સમયસર શરુ થયા હતા પણ ઓન લાઈન રજીસ્ટ્રેશન તથા કેન્દ્રો શરુ કરવા માટે થનાર ખર્ચ જેવા કે મજુરી, ટ્રાન્સપોર્ટેશન વિગેરેની નાણાકીય વ્યવસ્થાના અભાવે ઘણાં કેન્દ્રો શરૂ થવામાં વિલંબ થયો. ખેડૂતો પાસેના મગફળી જથ્થાને ધ્યાનમાં લેવાય તો ખરીદીની આ વ્યવસ્થા ખેડૂતો માટે સંતોષજનક રહી શકી નહી. ગયા વર્ષે ગુજપ્રો દ્વારા આ વિસ્તારમાં આ જ વિસ્તારના ગુજપ્રોના સભ્ય એવા ખેડૂત સંગઠનોને જવાબદારી સોંપાયેલ હતી.

ટેકાના ભાવે ખરીદી કેન્દ્રો ચલાવવાની કામગીરીનો આ સંગઠનોનો અનુભવ હતો. પરંતુ ગુજપ્રોને માત્ર કચ્છની જવાબદારી સોંપાયેલ હતી. જેથી આ સંગઠનો શરૂઆતમાં સામેલ થઈ શકયા નહી.

આ વિસ્તારના ખેડૂતોની મુશ્કેલીને લઈ ગુજપ્રોની રજુઆત બાદ અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીએ સમઢીયાળા (ખાંભા), જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપનીએ હેમાળ (જાફરાબાદ) અને ગીરફાર્મર્સ પ્રોડયુસર કંપનીએ ધોકડવા (ગીરગઢડા) ખાતે કેન્દ્રો શરુ કરવા મંજુરી અપાતા તુરત જ આ કેન્દ્રો કાર્યરત થયા હતા. મોટાસમઢીયાળા ખાતે મગફળીની ખરીદી તા.૧૯ નવેમ્બરથી શરૂ કરવામાં આવી અને તેના બીજા દિવસથી હેમાળ અને ધોકડવા કેન્દ્રો શરુ કરવામાં આવ્યા હતા.

આ કેન્દ્રોની સમયાંતરે ગુજપ્રો, એસએસકેકે, હરિરાજ, સીએસપીસી તથા નાબાર્ડના અધિકારીઓએ મુલાકાત લઈ માર્ગદર્શન આપ્યુ હતુ. કેન્દ્રોના સચાલન માટે જરુરી સહયોગ પણ તેઓએ પુરો પાડયો હતો.

વેરહાઉસ પર મગફળી માટે જગ્યાની ઉપલબ્ધતા, ટ્રાન્સપોર્ટેશન માટે વાહનો ભાડે મેળવવા, મજુરોની વ્યવસ્થા તથા આ કેન્દ્રો માટે ની તમામ નાણાકીય અને વહીવટી પ્રક્રિયાઓ માટે રાખવામાં આવેલ સ્ટાફને આ કંપનીઓના ડાયરેકટરશ્રીઓ, સક્રિય સભ્યો તથા આ વિસ્તારના ખેતીલક્ષી કાર્યો માટે ચાલતા પ્રોજેકટની ટીમનો સતત ટેકો મળી રહયો છે.

આ લખાય છે ત્યા સુધીમાં સમઢીયાળા કેન્દ્ર પરથી ૧૧૧૫૩.૧૦ કવીંટલ, હેમાળ કેન્દ્ર પરથી ૯૩૧૦ કવીંટલ અને ધોકડવા કેન્દ્ર પરથી ૧૦૧૮૫ કવીંટલ મગફળીની ખરીદી કરવામાં આવેલ છે.

આ વિસ્તારના ખેડૂતો આ કંપનીઓના અન્ય કાર્યોથી પણ અવગત થયા.

***– નિરવ સોલંકી***

***બીજા સાથે એવી જ ઉદારતા રાખો, જેવી ઈશ્વરે તમારી સાથે રાખી છે.***

**Happy Birthday**

| | |
|---|---|
| Jenti Sarvaiya | 01.01.1992 |
| Deepa chauhan | 02.01.1977 |
| Rekhaben Mithapara | 05.01.1963 |
| Gordhan Vaghela | 20.01.1983 |
| Ashwin Sigad | 30-01-1993 |

**In this month**

| | |
|---|---|
| 11 | National Convention on Human Rights Guiding Principle<br>Priya Kachadiya |
| 11-13 | Midyear Review and Planning meeting of LAMP<br>Narendra Ponkiya |
| 16 | Team meeting at Salava |
| 18-20 | FPO training at Yuva Mitra<br>5 Representative in each FPO |
| 22 | Pre Budget Consultation on Budget for Children "Expectation from the state Government.<br>Bharat Shingad |
| 24 | Meeting with FPO directors and CEO by NCDEX |
| 28 | Block level SMC fedaration meeting at Charkha |

**રમુજ એક થેરેપી**

છોકરી : તું શું કરશો ?
છોકરો : સીંગ ખાવસુ.
છોકરી : એકલા એકલા ?
છોકરો : તો શું ૧૦ ની સીંગમાં ધુવાડાબંધ જમણવાર કરું ??

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2015-17
Valid Upto 31/12/2017

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર (૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**આપણા જીવન કરતા સંસ્કૃતિ જરૂરી છે.**